# સુમુલની ચૂંટણી જૂના સીમાંકન મુજબ જ કરાવવા કલેક્ટરનો હુકમ

**હાઇકોર્ટના** આદેશ મુજબ ચૂંટણી અધિકારીએ 16 બેઠકના સીમાંકનનો હુકમ જાહેર કર્યો, હવે કોર્ટને ચૂંટણી અંગે જાણ કરશે

### કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની પિટિશન અંગે હાઇકોર્ટ ખુલાસો માંગશે તો ચૂંટણી અધિકારી એફિડેવિટ રજૂ કરી ખુલાસો કરશે

સુમુલ ડેરીના ચૂંટણી અધિકારી એવા સુરત કલેક્ટર દ્વારા 21 દિવસમાં ચૂંટણી અને સીમાંકન મામલે હાઇકોર્ટે આપેલા ચુકાદાનો અમલ નહીં કરતા હાઇકોર્ટે અગાઉ પીટીશન કરનાર અને 21 દિવસનો તરફેણમાં હુકમ મેળવનાર કઠોર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના એડવોકેટ ડીએ. સંખેસરા એ રજૂ કરેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની પિટિશન (MISC. CIVIL APPLICATION FOR CONTEMPT No. 6641 of 2026 / CNR No: GJHC240159762026) સ્વીકારી ડિવિઝન બેન્ચને આ મામલો સુપ્રત કર્યો છે. આ કેસમાં જો કોર્ટ આદેશ આપશે તો ચૂંટણી અધિકારી દ્વારા લેવામાં આવેલા પગલા અંગે એફિડેવિટ રજૂ કરવામાં આવશે. જો કે ચૂંટણી અધિકારીએ સીમાંકનનો નિર્ણય લઈ લીધો છે.

સુરતઃ સુમુલ ડેરીની ચૂંટણી અને સીમાંકન મામલે 21 દિવસમાં નિર્ણય લેવા ગુજરાત હાઈકોર્ટનો હુકમનો અનાદર કરવા માટે ગુજરાત હાઈકોર્ટ ગુરુવારે આવેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ પિટિશન દાખલ કરી હતી. ડિવિઝન બેન્ચને પક્ષકારોને સાંભળવા અરજી એડમિટ કરી હતી. જોકે ડિવિઝન બેંચની નિયુક્તિ થાય એ પૂર્વે જ ચૂંટણી અધિકારી અને સુરત કલેક્ટર ડો.સૌરભ પારધીએ આજે સીમાંકનનું નોટિફિકેશન જાહેર કર્યું હતું. લાંબા સમયથી ચાલી રહેલી કાયદાકીય ખેંચતાણ વચ્ચે સુરત જિલ્લા કલેક્ટરે આજે અંતિમ ચુકાદો જાહેર કર્યો છે. કલેક્ટરે સુમુલ ડેરી દ્વારા 31 માર્ચ 2025ની ચૂંટણી સંદર્ભે રજૂ કરવામાં આવેલી સીમાંકનની દરખાસ્તને કોઈ પણ પ્રકારના ફેરફાર વિના 'યથાવત' રાખવાનો હુકમ કર્યો છે. બીજી તરફ ભાજપના બે જૂથોની લડાઈ કાનૂની દાવપેચમાં ફસાતા ભાજપ હાઇકમાન્ડ 16 બેઠક માટે મેન્ડેટ જાહેર એવી શક્યતા જોવાઈ રહી છે. સુમુલમાં વ્યવસ્થાપક કમિટી અસ્તિત્વમાં નથી, કસ્ટોડિયન અને મેનેજિંગ ડિરેક્ટર દ્વારા વહીવટ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હજારો સભાસદોને સાંભળવા અને પ્રક્રિયા પૂર્ણ કરવી વ્યવહારુ રીતે મુશ્કેલી હોવાથી જિલ્લા કલેક્ટરે જૂનું સીમાંકન જારી રાખવાનો નિર્ણય લીધો છે.

# બાંદ્રા-આઝમગઢ વચ્ચે દોડશે 'સુપરફાસ્ટ સ્પેશિયલ' ટ્રેન

**સુરત,** વડોદરા અને રતલામ થઈને પસાર થશે, મુસાફરોને મોટી રાહત, આવતીકાલથી બુકિંગ શરૂ

સુરતઃ હોળીના પાવન પર્વ પર ઉત્તર ભારત તરફ જનારા મુસાફરોનો ધસારો જોતા પશ્ચિમ રેલવેએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. મુસાફરોની સુવિધા માટે બાંદ્રા ટર્મિનસ અને આઝમગઢ વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેન ગુજરાતના સુરત અને વડોદરા જેવા મુખ્ય સ્ટેશનો પર સ્ટોપેજ ધરાવતી હોવાથી હજારો પરપ્રાંતિયોને હોળી પર વતન જવું સરળ બનશે.

મુસાફરો માટે આ ટ્રેનમાં એસી 3-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ જોડવામાં આવશે. ટ્રેન નંબર 05184 માટે બુકિંગ આવતીકાલે એટલે કે 4 માર્ચ, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે.

### ટ્રેનનું સમયપત્રક અને રૂટ

1) ટ્રેન નં. 05184 (બાંદ્રા ટર્મિનસ- આઝમગઢ): આ ટ્રેન તા. 9 અને 16 માર્ચ, 2026 (સોમવાર)ના રોજ સવારે 10:45 વાગ્યે બાંદ્રાથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે 20:10 વાગ્યે આઝમગઢ પહોંચશે.
2) ટ્રેન નં. 05183 (આઝમગઢ- બાંદ્રા ટર્મિનસ): પરત ફરતી વખતે આ ટ્રેન તા. 7 અને 14 માર્ચ, 2026 (શનિવાર)ના રોજ આઝમગઢથી રાત્રે 23:15 વાગ્યે ઉપડશે અને સોમવારે સવારે 08:10 વાગ્યે બાંદ્રા પહોંચશે.

### આ સ્ટેશનો ઉપર મળશે સ્ટોપેજ

બોરીવલી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, ગંગાપુર સિટી, બયાના, ઇદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, પ્રયાગરાજ રામબાગ, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ઔંધિહાર, દુલ્લાહપુર, માઉ અને મોહમ્મદાબાદ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

# ચાર દિવસમાં 308 ટ્રેન, 27 લાખ મુસાફરો વતન પહોંચ્યા

**હોળીમાં** યુપી-બિહાર, રાજસ્થાન જવા ઉત્સુક લોકો માટે વધારાની ટ્રેનો દોડાવાઈ

### ભીડને નિયંત્રિત કરવા માટે રેલવેએ આ વખતે ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો

ડ્રોનથી મોનિટરિંગઃ સંવેદનશીલ અને વધુ ભીડ ધરાવતા સ્ટેશનો પર ડ્રોન કેમેરા અને CCTV દ્વારા રીઅલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. હોલ્ડિંગ એરિયાઃ પ્લેટફોર્મ પર ભીડ ન થાય તે માટે સ્ટેશન પરિસરમાં સ્પેશિયલ 'હોલ્ડિંગ એરિયા' બનાવ્યા હતા. જ્યાં પીવાનું પાણી અને બેસવાની સુવિધા અપાઈ હતી. ત્વરિત ટિકિટઃ ATVM અને RailOne એપ ઉપરાંત, કતારો ઘટાડવા માટે હેન્ડ-હેલ્ડ ટર્મિનલ અને મોબાઈલ યુટીએસ કાઉન્ટર્સ પણ શરૂ કરાયા હતા.

સુરતઃ હોળીના રંગે રંગાવા અને પરિવાર સાથે તહેવાર ઉજવવા ઉત્સાહી મુસાફરોને વતન પહોંચાડવા માટે પશ્ચિમ રેલવેએ કમર કસી છે. તહેવારના ધસારાને પહોંચી વળવા અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે દ્વારા અત્યાર સુધીમાં કુલ 308 સ્પેશિયલ ટ્રેન ટ્રીપ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી ફેબ્રુઆરીના અંતથી અત્યાર સુધીમાં જ 266 ટ્રેન દોડાવીને લાખો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, હોળીના પર્વ નિમિત્તે ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ગુજરાતના વિવિધ શહેરોમાં જનારા મુસાફરોની સંખ્યામાં તોતિંગ વધારો થયો છે. માત્ર 27 ફેબ્રુઆરીથી 2 માર્ચ વચ્ચેના ટૂંકા ગાળામાં જ પશ્ચિમ રેલવેએ 27 લાખથી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે મુસાફરી કરાવી એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ખાસ કરીને ગોરખપુર, બનારસ, દાનાપુર અને દરભંગા જેવી લાંબી અંતરની ટ્રેનોમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મુસાફરો ટ્રેનમાં ચઢતી કે ઉતરતી વખતે અકસ્માતનો ભોગ ન બને તે માટે ફૂટ ઓવરબ્રિજ, પ્લેટફોર્મ અને એન્ટ્રી-એક્ઝિટ ગેટ પર RPF અને ટિકિટ ચેકિંગ સ્ટાફનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો . ટ્રેનોના સમયસર સંચાલન માટે પણ સતત દેખરેખ રાખવામાં આવી રહી હતી. આગામી દિવસોમાં પણ વધુ સ્પેશિયલ ટ્રેનો સજ્જ હોવાનું રેલવે તંત્રએ જણાવ્યું હતું.

**ડભોલી કુમકુમ ફાર્મ નજીકથી જપ્ત કરાયેલો જથ્થો ગયો ક્યાં?**

# સીઝડ કરેલો બેનામી અનાજનો જથ્થો ગાયબ, કયા ઉંદરો લઈ ગયા?

**174 કટ્ટા** ઘઉં તેમજ 225 કટ્ટા બાજરી મળી 19950 કિલોગ્રામ જથ્થો સીઝડ કર્યા પછી પણ બહાર વેચાઇ જતા અચરજ

### પુરવઠા વિભાગનો ગોળગોળ જવાબ મામલતદારે નિયમિત નિરીક્ષણ કરવાનું હતું

આ અંગે પુછપરછ કરતા પુરવઠા વિભાગના નિરીક્ષકે જણાવ્યું હતું કે આ જથ્થો ચોરાઇ ગયો છે, તે અંગે તેમને આજે ખબર પડી છે. વળી આ સીઝડ કરાયેલો જથ્થો કતારગામ મામલતદારની જવાબદારીમાં આવે છે. કતારગામ મામલતદારે આ જથ્થો સહીસલામત છે કે તેમ તેની કાળજી રાખવાની હોય છે. આ મામલે મામલતદાર અને પુરવઠા વિભાગની ખો ખો રમતમાં જો સચ્ચાઇ બહાર લાવવી હોય તો સરકારી અનાજ વેચનારાઓ સામે ફોજદારી રાહે ફરિયાદ દાખલ કરવી જોઇએ.

સુરતઃ સુરત જિલ્લા પુરવઠા વિભાગમાં ઉધઇની જેમ પ્રસરી ગયેલા કેટલાંક કરપ્ટ કમર્ચારીઓના પાપે સીઝડ કરાયેલા બેહિસાબી સરકારી અનાજનો જથ્થો પણ ગાયબ થઇ ગયો છે.

શહેરના કતારગામ ડભોલી વિસ્તારમાં ગરીબ રાશનકાર્ડ ધારકો માટેનું સરકારી અનાજ ગેરકાયદે રીતે સંગ્રહિત કરી નફાખોરીનો ધંધો બેફામ ફૂલ્યો ફાલ્યો હતો. જેને લઇને કતારગામ વિસ્તારમાંથી રેશનકાર્ડ ધારકોની વ્યાપક ફરિયાદ સાંભળવા મળી હતી. આ અંગે આધાર પુરાવા સાથે પુરવઠા વિભાગને બાતમી આપવામાં આવી હતી. બાતમીના આધારે સુરત જિલ્લા અન્ન નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ગત 20/03/2024ના રોજ ડભોલી નજીક કુમકુમ ફાર્મ સ્થિત પતરાના શેડ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન સપ્લાય ઇન્સ્પેક્ટર હર્ષદ જોશી દ્વારા જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને ગોડાઉન માલિક રમણભાઇ ઉર્ફે રાકેશભાઇ મોહનભાઇ પટેલ, હિમાશુભાઇ પરેશભાઇ લિંબાચીયા સહિતના પંચની હાજરીમાં ગોડાઉનમાંથી મળી આવેલો જથ્થો સીઝડ કરી દેવાયો હતો. આ જથ્થામાં 174 કટ્ટા ઘઉં તેમજ 225 કટ્ટા બાજરી મળી 19950 કિલો અનાજનો સમાવેશ થતો હતો.

ખુદ પુરવઠા નિરીક્ષક હર્ષદ જોષીએ રોજકામમાં આ અનાજનો જથ્થો સરકારી હોવાની આશંકા વ્યક્ત કરી છે. તેમજ આ જથ્થો પીળી ગૂણમાં ભરેલો હતો. સામાન્ય રીતે આ ગુણ સરકારી અનાજની મનાય છે. આ તમામ જથ્થો સ્થળ ઉપર સીઝડ કરી દેવાયો હતો અને ગોડાઉન માલિકને આ જથ્થાના બિલ રજૂ કરવા તાકીદ કરાઇ હતી.

પરંતુ હવે સમગ્ર મામલો જ શંકાના ઘેરામાં છે. જપ્ત કરાયેલો સરકારી અનાજનો જથ્થો જ બારોબાર વેચી દેવાયો હોવાની ગંભીર માહિતી સામે આવી રહી છે. સ્થાનિક સૂત્રો અનુસાર હિમાંશુ નામના વ્યક્તિ દ્વારા જપ્ત કરેલો જથ્થો ગેરરીતિથી ખસેડી વેચી દેવાયો હોવાનો આક્ષેપ છે. જો આ આરોપોમાં સચ્ચાઇ હોય તો આ માત્ર ગેરવહીવટ નહીં પરંતુ કાયદાની ખુલ્લેઆમ મજાક સમાન ગુનો ગણાય. ગરીબોના હક્કનું અનાજ જપ્ત કરીને ફરીથી બજારમાં વેચાઇ જાય અને જવાબદાર અધિકારીઓ મૌન ધારણ કરે, તો એ વ્યવસ્થાની નિષ્ફળતા ગણાય કે સંડોવણી?

સૌથી ચિંતાજનક બાબત એ છે કે તપાસ કરનાર અધિકારીઓને આ સમગ્ર હકીકતની જાણ હોવા છતાં આજદિન સુધી કોઇ ફોજદારી કાર્યવાહી હાથ ધરાઈ નથી. જો જપ્ત જથ્થો ખરેખર ગાયબ થયો હોય તો ગુનો નોંધી જવાબદારો સામે તાત્કાલિક કડક કાર્યવાહી થવી જોઈએ.

ગરીબોને મળનારા સરકારી અનાજ સાથે ખેલખલિલી થાય અને તંત્ર આંખ મીંચી બેસી રહે, તો એ જનહિત વિરુદ્ધનો ગંભીર પ્રશ્ન છે. હવે જોવાનું રહ્યું કે જિલ્લા તંત્ર નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરી સત્ય બહાર લાવે છે કે પછી આ મામલો પણ અન્ય અનેક ફાઈલોની જેમ ધૂળ ખાતો રહી જશે.!

# 'જો પૈસા નહીં આપો તો સમાજમાં બદનામ કરી દઈશ'

**કોલ** રેકોર્ડિંગ વાયરલ કરવાની ધમકી આપી શાળા સંચાલક પાસેથી ઉઘરાણીનો પ્રયાસ

**પ્રેમસંબંધ** બાદ બ્લેકમેઇલિંગનો વલસાડની મહિલા સામે આરોપ

**કાપોદ્રા** પોલીસે મહિલા સામે ગુનો દાખલ કર્યો

સુરતઃ વરાછામાં નામાંકિત શાળાનું સંચાલન કરતાં સંચાલકને વલસાડની એક મહિલાએ પ્રેમસંબંધ બાદ કોલ રેકોર્ડિંગ વાયરલ કરવાની ધમકી આપી પૈસા માંગ્યાનો કેસ પ્રકાશમાં આવ્યો છે.

અમરેલી જિલ્લાના લીલીયા મોટા તાલુકાના ભોરિંગડા ગામના મૂળ વતની અને હાલ વરાછા વિસ્તારમાં એલ.એચ. રોડ પર ત્રિકમનગર સોસાયટીમાં રહેતા દિવ્યેશભાઈ મનુભાઈ ચાવડા 'નાલંદા સ્કૂલ' નામની શાળાનું સંચાલન કરે છે. અંદાજે એક વર્ષ અગાઉ તેઓ વલસાડ ખાતે હાઈટ હાઉસ પાસે આવેલા રામકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતી નીલમબેન સચિનભાઈ રામાવતના સંપર્કમાં આવ્યા હતા. ઓળખાણ બાદ બંને વચ્ચે વારંવાર વાતચીત થતી અને બાદમાં પ્રેમ સંબંધ બંધાયો હતો. ફરિયાદ મુજબ, સમય જતાં નીલમબેને વાતચીત દરમિયાન થયેલા કોલ રેકોર્ડિંગ પોતાની પાસે હોવાનો દાવો કરી તેને વાયરલ કરવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

"પૈસા નહીં આપો તો સમાજમાં બદનામ કરી દઈશ" કહી ઉઘરાણીનો પ્રયાસ કરવામાં આવતો હતો. વારંવારના ફોન, દબાણ અને ધમકીઓથી શાળા સંચાલક માનસિક રીતે પરેશાન થઈ ગયા હતા. આક્ષેપ છે કે મહિલાએ શારીરિક અને માનસિક દબાણ ઊભું કરી મોટી રકમની માંગણી કરી હતી. અંતે ત્રાસ અસહ્ય બનતાં દિવ્યેશભાઈએ સમગ્ર મામલો કાપોદ્રા પોલીસ સમક્ષ રજૂ કર્યો હતો. પોલીસએ પ્રાથમિક તપાસ બાદ નીલમબેન રામાવત વિરુદ્ધ ખંડણી સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ઘટનાએ શહેરના શૈક્ષણિક વર્તુળોમાં પણ ચકચાર મચાવી છે.

# ઓલપાડમાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર, ગેરરીતિઓના આક્ષેપ

**ગુજરાત** પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા કલેક્ટર અને ડીડીઓને મુદ્દાસર રજૂઆત, કડક કાર્યવાહી કરવાની માંગ

### પંચાયત અધિનિયમનો ભંગ છતાં કાર્યવાહી નહીં

ગુજરાત પંચાયત અધિનિયમની કલમોનું ઉલ્લંઘન કરનાર કેટલાક સરપંચો વિરુદ્ધ છેલ્લા બે વર્ષથી ફરિયાદો હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતી હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. ગેરકાયદે ઠરાવો રદ ન કરવા અને મફત પ્લોટોની હેરાફેરી જેવા આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

### સરકારી જમીન અને ગોચર પર દબાણ

ગૌચર અને અન્ય સરકારી જમીન પર ગેરકાયદે દબાણ તથા બાંધકામો થતાં હોવાની ફરિયાદ છે. કેટલાક ગામોમાં રસ્તાઓનું ખોટું આયોજન થતાં ખેડૂતોને પાણી ભરાવાની સમસ્યા સર્જાઇ હોવાનો ઉલ્લેખ પણ રજૂઆતમાં કરવામાં આવ્યો છે.

### કૃષિ અને પશુપાલન યોજનાઓમાં અનિયમિતતા

પશુપાલન યોજનાઓમાં રાજકીય હસ્તક્ષેપ થતો હોવાનો અને બેઠકમાં બિનઅધિકૃત વ્યક્તિઓની હાજરી રહેતી હોવાનો આક્ષેપ છે. કૃષિ મેળા અને તાલીમ કાર્યક્રમોમાં ખોટા બિલો રજૂ કરીને ભ્રષ્ટાચાર થતો હોવાનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ખેડૂત સહાય યોજનામાં ખોટા મોડલના સાધનો પર લેબલ લગાવી ગેરરીતિ કરવામાં આવી હોવાનો આક્ષેપ પણ નોંધાયો છે.

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં વિવિધ શાસકીય વિભાગોમાં ચાલી રહેલી અનિયમિતતાઓ, નિયમોના ભંગ અને વહીવટી નિષ્ક્રિયતા અંગે ગંભીર ફરિયાદ ઊઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ 14 મુદ્દાઓ સાથે વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં અનેક વિભાગોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ થતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રજૂઆત મુજબ સ્વચ્છ ભારત મિશન હેઠળ કચરા વ્યવસ્થાપનમાં ગંભીર ગેરરીતિઓ થઈ રહી છે. ઘણા ગામોમાં લેન્ડફિલ સાઇટના અભાવે ખુલ્લામાં કચરો ફેંકાતા આરોગ્ય માટે જોખમ ઊભું થયું છે. સાથે જ સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. વિકાસ કાર્યોના સાઇટ પ્લાન મંજૂર કરવામાં રાજકીય પૂર્વગ્રહ રાખવામાં આવતો હોવાનો આક્ષેપ છે. વિરોધી પક્ષ સાથે સંકળાયેલા વિસ્તારોમાં વિકાસ કામો અટકાવવાના પ્રયાસ થતી હોવાની રજૂઆતમાં નોંધ છે. માતૃ શક્તિ યોજનાના લાભાર્થીઓને સમયસર લાભ ન મળતા ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. દર્શન નાયક દ્વારા માંગ કરવામાં આવી છે કે આ તમામ મુદ્દાઓની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ તથા સરપંચો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ તપાસની પ્રગતિ અંગે પારદર્શક માહિતી જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.

# યુએઈમાંથી ભારતીયોની વતન વાપસી તેજ બની

**વિશેષ** રાહત ફ્લાઈટ્સથી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગ્લુરુમાં મુસાફરો પહોંચ્યા; વધુ ઉડાનોની તૈયારી

ગાંધીનગરઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના તણાવ વચ્ચે સંયુક્ત આરબ અમીરાતમાં ફસાયેલા ભારતીય નાગરિકોની વતન વાપસીનો માર્ગ હવે ગતિ પકડ્યો છે. એરલાઈન્સ અને કેન્દ્ર સરકારના સંકલિત પ્રયાસોથી ખાસ રાહત ફ્લાઈટ્સ દ્વારા મુસાફરોને સુરક્ષિત રીતે ભારત લાવવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગ્લુરુ ખાતે ચાર વિશેષ ફ્લાઈટ્સ સફળતાપૂર્વક પહોંચી ગઈ છે. એરપોર્ટ પર ઉતર્યા બાદ મુસાફરોને જરૂરી માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે.

ઘણા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે અચાનક એરસ્પેસ બંધ થવાથી તેઓ એરપોર્ટ પર દિવસો સુધી અટવાઈ ગયા હતા. અન્ય માર્ગો પરથી પણ રાહત કામગીરી હાથ ધરાઈ છે. ઈન્ડિગો દ્વારા જેદ્દાહથી 10 વિશેષ ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવી છે, જેથી વધુમાં વધુ ભારતીયોને પરત લાવી શકાય. તે ઉપરાંત એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા મસ્કત રૂટ પર વિશેષ સેવાઓ શરૂ કરાઈ છે.

મસ્કતથી પરત આવેલા મુસાફરોએ ત્યાંની તણાવપૂર્ણ સ્થિતિ અને અનિશ્ચિતતાનો અનુભવ શેર કર્યો હતો. સ્પાઈસજેટએ ફુજૈરાહથી દિલ્હી, મુંબઈ અને કોચી માટે ચાર વિશેષ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે. મુંબઈ માટે બે વધારાની ઉડાનો ગોઠવાઈ છે, જેથી વધુ મુસાફરોને વહેલી તકે વતન પહોંચાડી શકાય.

### ફ્લાઈટ રદ થતાં વતન વાપસી અનિશ્ચિત, સરકાર પાસે મદદની આજીજી

પાલનપુરનો પટેલ પરિવાર હાલ દુબઈમાં અટવાઈ ગયો છે. સુભાષ પટેલ પોતાના પરિવારના ચાર સભ્ય સાથે 23 ફેબ્રુઆરીએ દુબઈ ફરવા ગયા હતા અને નિર્ધારિત તારીખે પરત આવવાનું હતું. પરંતુ યુદ્ધના તણાવને કારણે સતત બે દિવસ તેમની ફ્લાઈટ ટિકિટ રદ થઈ ગઈ. પાલનપુરમાં રહેલા વૃદ્ધ માતા-પિતા દર કલાકે વિડીયો કોલ કરીને પરિવારની સલામતી અંગે માહિતી મેળવી રહ્યા છે. દુબઈમાં અટવાયેલા પરિવારજનોનો દાવો છે કે તેઓ હાલ સુરક્ષિત છે, પરંતુ વતન પરત ફરવાની ચિંતા સતત વધી રહી છે. પરિવારે સરકાર પાસે વહેલી તકે વિશેષ વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

### ફસાયેલા ગુજરાતીઓ માટે ભાજપની હેલ્પલાઈન સેવા શરૂ

ભાજપ દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર 07923276943, 07923276944, 8141138000 અને 8141735000 પર સંપર્ક કરી નાગરિકો પોતાના સ્વજનોનું નામ, સ્થળ, સંપર્ક વિગત સહિત જરૂરી માહિતી નોંધાવી શકશે.

# પરિણીતાની આત્મહત્યાના કેસમાં સાસરિયાઓ સામે ગુનો નોંધાયો

**પતિ** અને સાસુ-સસરા શારીરિક-માનસિક ત્રાસ આપતાં હોવાને કારણે અંતિમ પગલું ભર્યાના આક્ષેપ, પોલીસે દુષ્પ્રેરણાની કલમ લગાડી

સુરતઃ છેલ્લા કેટલાક સમયથી આપઘાતના બનાવો શહેરમાં વધી રહ્યા છે અને તેમાં પણ પરિણીતા આપઘાતના બનાવો તંત્ર સખ્ત વલણથી કામગીરી હાથ ધરી રહ્યું છે જેમાં વેલંજામાં એક પરિણીતાએ સાસરીયાઓના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે.

મૂળ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેથાણ ગામના વતની અને હાલ વેલંજા સ્થિત ગોકુલધામ રો-હાઉસમાં રહેતા પ્રતીકકુમાર મુકેશભાઈ સિદપરાના લગ્ન સુરત નિવાસી પ્રિયંકાબેન સાથે થયા હતા. લગ્ન બાદ પ્રિયંકાબેન પતિ પ્રતીકકુમાર, સસરા મુકેશભાઈ નાનજીભાઈ સિદપરા અને સાસુ ઉર્મિલાબેન સાથે રહેવા આવી હતી. આક્ષેપ મુજબ લગ્નના થોડા સમય બાદથી જ પ્રિયંકાબેનને નાની-નાની બાબતોમાં, ખાસ કરીને ઘરકામ અને જમવાનું બનાવવા મુદ્દે સાસુ ઉર્મિલાબેન સાથે વારંવાર બોલાચાલી થતી. પતિ તથા સાસરીયાઓ દ્વારા શારીરિક અને માનસિક રીતે હેરાનગતિ કરવામાં આવતી હોવાના આરોપ છે.

આ ત્રાસ અસહ્ય બનતા 14 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે અંદાજે 9:15 વાગ્યે પ્રિયંકાબેને ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પ્રિયંકાબેનના પિયર પક્ષે ઉતરાણ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ પ્રતીકકુમાર સિદપરા, સસરા મુકેશભાઈ સિદપરા અને સાસુ ઉર્મિલાબેન સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### ડિંડોલીની હોટલના...

કરતા એમ્બ્યુલન્સ આવી ગઈ હતી. જોકે ૧૦૮ના સ્ટાફે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે પોલીસને જાણ કરતા ત્યાં પહોચીને કાર્યવાહી કરીને તેનો મૃતદેહને સ્મીમેરમાં ખસેડાયો હતો.

### હોળી સાથે...

છે, જેના કારણે શહેરીજનોને અસહ્ય ગરમીનો અનુભવ થવાની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તબીબો દ્વારા નાગરિકોને બપોરના કડકડતા તડકામાં બહાર જવાનું ટાળવા, પૂરતું પાણી પીવાનું અને હલકા રંગના ઢીલા વસ્ત્રો પહેરવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને દૈનિક મજૂરી કરતા લોકો માટે સાવચેતી રાખવી અનિવાર્ય ગણાઈ રહી છે.

### બોંબથી ઉડાવી...

આપવામા આવી રહી છે. આ કેસમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના સાયબર સેલની ટીમ આરોપીને શોધવા ટેકનીક એનાલીસીસ અને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ કરતાં સૌરવ બિશ્વાસ નામના શખ્સની પશ્ચિમ બંગાળની ધરપકડ કરવામાં આવી છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે ગત 27મી ફેબ્રુઆરીએ ગુજરાતના અનેક મુખ્ય શહેરોમાં આવેલી પોસ્ટ ઓફિસોને નિશાન બનાવવામાં આવી હતી. મહેસાણા, સુરત, વલસાડ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને પાલનપુરમાં ધમકીભર્યા ઈ-મેઈલ મળતા પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ સઘન તપાસ શરૂ કરી હતી. આ અગાઉ પણ કોર્ટે, શાળાઓ તેમજ સરકાર કચેરીઓમાં ભમકીભર્યા ઈ-મેઈલ કરવામાં આવ્યાં હતા. જો કે અત્યાર સુધીમાં સુરક્ષા એજન્સીઓએ તમામ સ્થળોએ સઘન તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી આવી નહોતી. હાલ પોલીસે આરોપીને અમદાવાદ લાવવાની કાર્યવાહી શરૂ કરી છે. તપાસ અધિકારીઓ આરોપી પાસેથી ધમકીભર્યા ઈમેઈલ પાછળનો હેતુ, સંભવિત સાગરીતો અને સુરક્ષા વ્યવસ્થાને ભેદવા માટે અપનાવવામાં આવેલી તકનીકી પદ્ધતિઓ વિશે પૂછપરછ કરી રહ્યા છે.

# કચરા કૌભાંડી એજન્સીને જ 10 માસનો ઈજારો લંબાવવા દરખાસ્ત

**ઇજારદાર** સામે તંત્રવાહકોની લાચારી વધુ એક વખત ખુલ્લી પડીઃ અટકાવાયેલાં બિલ ચૂકવવા પણ ખાતરી

### નવી એજન્સી નહીં મળતા ખજોદની હયાત સાઇટ પર જ 3 વર્ષનો ઈજારો આપવા તજવીજ

ખજોદ ખાતે ઘન કચરાના પ્રોસેસિંગ-નિકાલ માટે નવી એજન્સી શોધવા હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયા પ્રતિસાદ વગર રહી છે. માત્ર છ માસ જેટલી બાકી કામગીરી હોવાને કારણે કોઈ એજન્સી કરોડો રૂપિયાનો કેપિટલ ખર્ચ કરવા તૈયાર નથી. ઉંબેર ખાતે નિર્માણાધીન ડિસ્પોઝલ સાઇટ અને પ્રોસેસિંગ પ્લાન્ટ આગામી 6-8 માસમાં કાર્યરત થવાની શક્યતા છે. આ સંજોગોમાં તાત્કાલિક છ માસ માટે કામગીરી કરવા કોઈ કંપની રસ દાખવી રહી નથી. હવે ટેન્ડર પ્રક્રિયામાં એજન્સીઓને આકર્ષવા માટે તંત્રએ નવો વિકલ્પ સૂચવ્યો છે. ખજોદ ખાતે સૂચિત 1.80 લાખ ચો.મી. જમીન પર આગામી ત્રણ વર્ષ માટે સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપિત કરી પ્રોસેસિંગ-નિકાલનો ઈજારો સોંપવા ટેન્ડર ઈશ્યૂ કરવાની મંજૂરી સ્થાયી સમિતિ પાસે માગવામાં આવી છે. અર્થાત્, ઉંબેરના બદલે આગામી ત્રણ વર્ષ સુધી ખજોદ ખાતે જ કચરાના પ્રોસેસિંગ-નિકાલની કામગીરી ચાલુ રાખવાનો પ્રસ્તાવ છે. હવે સ્થાયી સમિતિ આ દરખાસ્તને મંજૂરી આપે છે કે નહીં તે મહત્વપૂર્ણ રહેશે.

સુરતઃ સુરત મનપા માટે ખજોદ ખાતે સોલિડ વેસ્ટ પ્રોસેસિંગનો ઈજારો લેનાર સીડી ટ્રાન્સપોર્ટ હવે ગળાના હાડકા સમાન બની ગઈ છે. ત્રણ વર્ષની ઈજારાની મુદત 5 જાન્યુઆરી, 2026એ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, નવી એજન્સી ન મળતા મનપા તંત્રએ એજન્સીને વધુ 10 માસ માટે કામગીરી સોંપવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મૂકી છે. એજન્સીની રજૂઆત બાદ તંત્રએ 71.10 કરોડ રૂપિયાની મર્યાદામાં મહત્તમ 10 માસ અથવા વૈકલ્પિક પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત થાય ત્યાં સુધી કામ સોંપવાની દરખાસ્ત મૂકી છે. સાથે જ 30 ટકા વધારાની કામગીરી, એટલે કે 9 લાખ મેટ્રિક ટન કચરાના પ્રોસેસિંગ માટે મંજૂરી માંગવામાં આવી છે. ઈજારદારે બાકી બિલ અને આગામી કામગીરીના બિલ તબક્કાવાર ચૂકવવા તથા વધારાની કામગીરી પૂર્ણ થયા બાદ એક વર્ષમાં કચરાના ઢગલાના સંપૂર્ણ નિકાલની લેખિત બાંહેધરી આપી છે. નવી એજન્સી મળતી ન હોવા અને ઉંબેર ખાતે નવી ડિસ્પોઝલ સાઈટ હજી કાર્યરત ન થતા મનપા તંત્ર 'નાછૂટકે' એજન્સી પર નિર્ભર રહેવા મજબૂર બન્યું છે. સ્થાયી સમિતિનો નિર્ણય હવે શહેરના કચરા સંકટમાં મહત્વપૂર્ણ સાબિત થવાનો છે.

# SVNIT: MBAની ૬૦ બેઠક માટે ૧૫ મે સુધી રજિસ્ટ્રેશન

**ઓનલાઈન** રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૯ મે સુધીમાં ફોર્મ સબમિટ કરવું ફરજિયાત

સુરતઃ શહેરની પ્રતિષ્ઠિત ટેકનિકલ સંસ્થા સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (SVNIT) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે MBA પ્રોગ્રામમાં પ્રવેશની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે કુલ ૬૦ બેઠક પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

એમબીએના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારો ૧૫ મે સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવવાનું રહેશે. જોકે ઉમેદવારોએ ૧૯ મે સુધીમાં ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ સબમિટ કરવાનું રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે એસવીએનઆઈટી ખાતે ચાલી રહેલા એમબીએના અભ્યાસક્રમની ૬૦ બેઠક પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૮ મેના રોજ યોગ્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. પસંદ થયેલા ઉમેદવારોએ ૮થી ૧૦ જૂન, ૨૦૨૬ દરમિયાન લેખિત પરીક્ષા અને ગ્રુપ ડિસ્કશન (GD) માટે સંસ્થા ખાતે રિપોર્ટ કરવાનો રહેશે. પસંદગી પામેલા ઉમેદવારોની પ્રથમ યાદી ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ સંસ્થાની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

આ વિદ્યાર્થીઓએ ૨૩ જૂન સુધીમાં સેમેસ્ટર ફી ભરીને પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. જો બેઠકો ખાલી રહેશે, તો વેટિંગ લિસ્ટ-૧ તા. ૨૫ જૂન અને વેટિંગ લિસ્ટ-૨ તા. ૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે. વેટિંગ લિસ્ટના ઉમેદવારો માટે ફી ભરવાની અંતિમ તારીખ અનુક્રમે ૩૦ જૂન અને ૭ જુલાઈ રહેશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ ૨૭ જુલાઈ, ૨૦૨૬ થી કરવામાં આવશે.